### રજાનાં દિવસે ડુમસ ફરવા ગયેલા

# એ.કે. રોડ જાડાબાવા ટેકરાનાં નિતેશ પટેલનું ભેંસ સાથે અથડાતા કરૂણ મોત

સુરત, શનિવાર: સુરત- ડુમસ રોડ ઉપર એરપોર્ટ નજીક ભેંસ સાથે મોટર-સાયકલ અથડાતા ગંભીર ઇજા પામેલા યુવાનનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર અશ્વનીકુમાર રોડ જાડાબાવાના ટેકરા ખાતે રહેતો નિતેશ ગોપાલભાઇ પટેલ (ઉ.વ.૨૩) ગત ૧લી તારીખે શિતળા સાતમ હોવાથી ઘરેથી પૈસા લઇ બહાર જમવા માટે નિકળ્યો હતો. દરમિયાનમાં તે પોતાની મોટરસાયકલ લઇને ડુમસ ફરવા ગયો હતો રાત્રે તે પરત આવતો હતો ત્યારે ૮.૩૦ વાગ્યાના અરસામાં સુરત- ડુમસ રોડ ઉપર એરપોર્ટ પાસે તેની મોટર-સાયકલ ભેંસ સાથે અથડાતા નીચે પટકાયો હતો અને માથામાં ગંભીર ઇજા પહોંચી હતી.

નિતેશને સારવાર અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જયાં આજે તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. મરનાર નિતેશ પટેલ ત્રણ ભાઇઓમાં નાનો હતો અને રીક્ષા ચાલક હતો.

### અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

સુરત, શનિવાર: સુરત રેલ્વે પોલિસ સ્ટેશનના જણાવાયા અનુસાર તા. ૨૩/૮/૧૦ના રોજ આશરે ૩૫ વર્ષના અજાણ્યા હિન્દુ પુરુષનો મૃતદેહ સુરત રેલ્વે સ્ટેશનના દક્ષિણ તરફ નીચે જુની સીકે લાઇન લો લેવલ પાર્કમાં છાપરા નીચેથી મળી આવ્યો છે. તેની ઉંચાઇ આશરે ૫.૫ ફૂટ, શરીરે પાતળા બાંધાનો, રંગે ઘઉં વર્ણનો, ગુલાબી રંગનું આંખી બાંયનું શર્ટ તથા કમરમાં કોફી, કલરનું લાઇનીંગવાળુ પેન્ટ પહેર્યું છે. યુવાનની ઓળખ થતાં તેન વાલી વારસોએ સંપર્ક સાધવા જણાવાયું છે.

### સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણનની જન્મજયંતિ અવસરે

# રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોના સન્માન સાથે 'શિક્ષક દિવસ'ની રાજ્યભરમાં ઉજવણી

**સુરત, શનિવાર: આજીવન સમર્પિત શિક્ષક એવા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ પાંચમી સપ્ટેમ્બર નિમિત્તે ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિકથી સન્માનિત કરવાનો સમારોહ આજે ગાંધીનગર-ટાઉન હોલ ખાતે રાજયપાલ ડૉ. શ્રીમતી કમલા બેનિવાલ અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.**

## મુખ્યમંત્રીએ જ્ઞાન ગમ્મત સાથે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો: સુરતની વિદ્યાર્થિનીએ મોદીની ઉપાસના અંગે પ્રશ્નો કર્યા

આ પ્રસંગે મહામહિમ રાજયપાલ ડૉ. શ્રીમતી કમલા બેનિવાલ અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે રાજયની જુદી જુદી શાળાઓના ૧૮ પ્રાથમિક શિક્ષકો, ૫ માધ્યમિક-શિક્ષકો, ૪ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો, ૫ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય અને ખાસ રાજ્ય પારિતોષિક મેળવનાર શિક્ષકોનું પારિતોષિક અર્પણ કરી શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યભરની શાળાઓનાં દોઢ કરોડ વિદ્યાર્થીઓ સાથે ઉપગ્રહ દ્વારા શૈક્ષણિક વાર્તાલાપ કરતા જણાવ્યું હતું કે આ જ્ઞાન શિક્ષકના અભિવાદન દ્વારા શિક્ષક-આચાર્યને મહિમા સમાજમાં પ્રસ્થાપિત થશે. ત્યાર બાદ પ્રશ્નાવલીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજયના જુદા જુદા જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રીને પ્રશ્નો પૂછયા હતા. જેમાં મુખ્ય મંત્રી તમને સ્વપ્નો આવે છે? સવાર સાંજે શું જમો છો? વાયબ્રન્ટ ગુજરાત એટલે શું? સંકલ્પ લેવાનું કારણ શું? વડાપ્રધાન બનવા ઇચ્છો છો કે કેમ? કવિતા લખો છો? આપનું ધ્યેય શું? આદર્શો શું? ગામડાઓમાંથી શહેર તરફનું સ્થળાંતર? અને તેને લીધે ખેતીમાં ઓટ, ઉદ્યોગોનાં કારણે પર્યાવરણ તથા અન્ય પ્રશ્નો પુછાયા હતા. જેમાં સુરત, ઉધના, પી. એચ. બચકાનીવાલા હાઇસ્કૂલની વિદ્યાર્થિની કુ. ભૂમિ નાયકે મુખ્યમંત્રીને તમે નવરાત્રી ઉપાસના કેમ કરો છો? વિશેનો સહજભાવે પ્રશ્ન પુછયો હતો. જેનો મુખ્યમંત્રીએ શક્તિ અને ઉપાસનાએ આધ્યાત્મિકતાની સાથે હૃદય, મન અને તનને સાફ કરવાનો સ્ત્રોત છે તેમ વળતો સહજ ભાવે જવાબ આપ્યો હતો. તમામ પ્રશ્નોના મુખ્યમંત્રીએ સરળ ભાષામાં જ્ઞાન સાથે ગમ્મત પડે તેવા જવાબ આપ્યા હતા. વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત સૌ કોઇને પ્રશ્નોના જવાબોથી ઉત્સાહ સાથે સંતોષ થતો જોવા મળ્યો હતો.

સુરત શહેર અને એક્સપરિમેન્ટલ હાઇસ્કૂલ, પાર્લેપોઇન્ટ, અઠવાલાઇન્સ, સુરતના આચાર્ય દેવાંગ દેસાઇનું પણ સન્માન થવા બદલ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નગરજનોએ ગૌરવ અનુભવ્યું હતું. સૂરત શહેર તથા ગ્રામ્ય વિસ્તારની ૬૩૪ શાળાના ૧૭૭૭૪૫ વિદ્યાર્થીઓએ ઉપગ્રહ દ્વારા પ્રસારણનો સીધો લાભ લીધો હતો. આ માટે વહીવટીતંત્ર દ્વારા ૨૭૨ શાળાઓમાં એલ. સી. ડી. અને ૪૦૩ શાળાઓમાં ટી. વી. સેટની ગોઠવણી કરવામા આવી હતી.

સંસ્કાર ભારતી શાળામાં જિલ્લા વિકાસ અધિકારી જે. બી. વોરા, જિલ્લા શિક્ષણ અધિકારી દિનેશ પટેલ, સંયુક્ત માહિતી નિયામક એચ. એમ. પટેલ ઉપસ્થિત રહી શિક્ષકો, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી ઉપગ્રહ - પ્રસારણ નિહાળ્યું હતું.

### અજાણ્યા હિન્દુ પુરુષનો મૃતદેહ મળ્યો

સુરત, શનિવાર: સૂરત રેલ્વે પોલિસ સ્ટેશનના જણાવાયા અનુસાર તા. ૨૧/૮/૧૦ના રોજ આશરે ૫૬ વર્ષના અજાણ્યા હિન્દુ પુરુષનો મૃતદેહ સાયણ રેલ્વે સ્ટેશન પાસેથી બિમારીના મળી આવ્યો છે. તે શરીરે શ્યામ વર્ણનો ઉંચાઇ આશરે ૫.૫ ફુટ, ટુકા કાળા-સફેદ વાળ, શરીરે સફેદ રંગનો આખી બાયનો શર્ટ તથા કમરે ક્રિમ કલરનું પેન્ટ પહેર્યું છે. વાલી વારસોએ સંપર્ક સાધવા જણાવાયું છે.

# ઓલપાડના મુસ્લિમ યુવાન પાછળ અંધ બનેલી સુરતના વકીલ પરિવારની પુત્રીએ જીદ પુરી કરી

સુરત, શનિવાર: ઓલપાડના મુસ્લીમ યુવાનના પ્રેમમાં પડેલી પાર્લે પોઇન્ટના વકીલ પરિવારની હિન્દુ યુવતિએ આજે લગ્ન નોંધણી કચેરીમાં પોલીસ બંદોબસ્ત મેળવીને લગ્ન કર્યા હતાં. એક હિન્દુ યુવતિએ મુસ્લીમ યુવાન સાથે કરેલા આ પ્રેમ લગ્નને કારણે આજે શહેર સહિત વકીલ આલમમાં પણ ચકચાર જાગી હતી.



યુવતિના કહેવા મુજબ તેને એક વર્ષ ઉપરાંતથી આ મુસ્લીમ યુવાન સાથે પ્રેમ હતો પણ ઘરવાળાને આ યુવાન સાથે લગ્ન મંજૂર ન હોય તેણીએ હાઇકોર્ટમાં જઇ પોલીસ રક્ષણ મેળવી આ લગ્ન કર્યા હતાં.

જાણવા મળતી માહિતી અનુસાર શહેરના પોશ વિસ્તારમાં રહેતાં એક પ્રતિષ્ઠિત પરિવારની મીતાલી (નામ બદલ્યુ છે) નામની ૨૦ વર્ષિય યુવતિને એક-દોઢ વર્ષ પૂર્વે ઓલપાડના ગોરખડાવાડ ખાતે રહેતાં મહમદ સહેજાદ ઝુલ્ફીકાર મહમદ મલેક સાથે પ્રેમ થઇ ગયો હતો.

આ પ્રેમમાં ઇન્ટીરીયર ડિઝાઇનર મીતાલીએ છૂટક દલાલીનું કામ કરતાં મુસ્લીમ યુવાન સહેજાદ સાથે લગ્ન કરવાનો નિર્ધાર કરી લીધો હતો.

જેના માટે તેણીએ ધર્મ પરિવર્તન કર્યા વિના જ સ્પેશ્યલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન નોંધણી કરાવવા તા.૧૩-૭-૧૦ના રોજ લગ્ન નોંધણી કચેરીમાં અરજી આપી હતી. જો કે આ પૂર્વે જ મીતાલીના પિતાને જાણ થતાં જતાં તેમના લગ્ન શક્ય બન્યા ન હતાં. પરિવારજનોએ મીતાલીને ઘણી સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ પરિવારજનોની લાગણીની તેણી ઉપર કોઇ અસર થઇ ન હતી અને તેણીએ લગ્ન કરવા માટે હાઇકોર્ટમાં પીટીશન દાખલ કરી હતી.

જેના અનુસંધાને હાઇકોર્ટે આ બંનેના લગ્ન કરાવવા માટે હુકમ કર્યો હતો. સાથે આ બંનેને પોલીસ રક્ષણ આપવા ઓલપાડ પોલીસને હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમ તા.૧૩-૮-૧૦ના રોજ થયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર આ હુકમના અનુસંધાને આજે ઓલપાડ પોલીસે જાતે લગ્ન નોંધણી કચેરીમાં સુરક્ષા આપી હિન્દુ યુવતિ તથા મુસ્લીમ યુવકના લગ્ન કરાવી આપ્યા હતાં. પોલીસ રક્ષણ હેઠળ થયેલા આ લગ્નના કારણે શહેરભરમાં ચકચાર જાગી હતી.

અત્રે નોંધવુ ઘટે કે, મીતાલીએ પોલીસ કમિશનરને સંબોધીને ગત તા.૨૮-૮-૧૦ના રોજ લેખિત ફરિયાદ કરી પોતાને તથા સહેજાદ અને તેના પરિવારને જીવનું જોખમ હોવાની દહેશત વ્યક્ત કરી હતી.

આ ફરિયાદમાં તેણીએ પોલીસ પોતાને પ્રોટેકશન આપતી ન હોવાની રજૂઆત સાથે તેમની કામગીરી સામે પણ ગંભીર આક્ષેપો કર્યા હતા.

## હિંદુ પિતા, પરિવાર અને સમાજની લાગણીની ધરાર અવગણા કરી કાયદાનું રક્ષણ મેળવીને સહેજાદ સાથે લગ્ન કરી લીધા

### આજથી CNGના ભાવ ૨૯.૬૬થી વધીને ૩૨.૪૫ રૂપિયા થઈ જશે

# CNGના ભાવ વધારા સામે રીક્ષાચલાકોનો વિરોધ: આજે ફેડરેશનની બેઠકનું આયોજન

**સુરત, શનિવાર: ગેસ કંપની દ્વારા કરવામાં આવેલા ભાવ વધારાના કારણે રીક્ષા ચાલકોમાં વિરોદનો વંટોળ ફૂંકાયો છે. રીક્ષા ચાલકો દ્વારા આગામી રણનીતિ નક્કી કરવા આવતીકાલે રવિવારે મિટિંગનું આયોજન પણ કરવામાં આવ્યું છે.**

## 'વેટ' અને 'ટેક્ષ'માં વધારો થવાથી ગેસનાં ભાવમાં વધારો થયો હોવાની દલીલ સાથે રીક્ષા ચાલકો અસહમત

ગુજરાત રાજય ઓટો રીક્ષા ફેડરેશનના પ્રમુખ જશુ બારોટ, ઉપપ્રમુખ અબ્બાસ પેન્ટર, બશરૂદ્દીન શેખ વગેરેએ જણાવ્યું હતું કે, ગેસ કંપનીએ સીએનજી ગેસના ભાવમાં રૂ.૨.૪૫નો વધારો કર્યો છે. હાલમાં પ્રતિ કિલો ગેસના રૂ.૨૯.૬૬ ભાવ હતો. પરંતુ શનિવાર રાત્રે બાર વાગ્યાથી ભાવવધારો કરવા સાથે નવો ભાવ રૂ.૩૨.૪૫ નક્કી કરવામાં આવ્યો છે. ગેસ કંપની દ્વારા વેટ તેમજ ટેક્ષમાં વધારો થતાં ભાવ વધારવામાં આવ્યો હોવાની દલીલ કરવામાં આવી રહી છે. જો કે આ દલીલને ફગાવી દેતાં રીક્ષા યુનિયનોએ ભાવવધારો પાછો ખેંચવા માંગણી કરી છે. ફેડરેશનના જણાવ્યા મુજબ ગેસ કંપની ઉપર સરકારનું નિયંત્રણ નથી અને તેના કારણે સુરત સહિત રાજ્યના રીક્ષાચાલકોએ ભયંકર મોંઘવારી સાથે વેઠવુ પડે છે. જેથી આ ભાવવધારાનો વિરોધ દર્શાવવા સાથે પાછો ખેંચવા માંગણી કરવામાં આવી છે.

વધુમાં સુરત શહેર ઓટો રીક્ષા ફેડરેશનના મહામંત્રી ઇરફાન કાપડિયાએ કહ્યું હતું કે, ગેસના ભાવવધારો પાછો નહિ ખેંચાય તો રીક્ષા ચાલકો આગામી દિવસોમાં આંદોલનનો માર્ગ અપનાવશે. આવતીકાલે ફેડરેશનના મહેર પાર્ક સ્થિત કાર્યાલયમાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મિટિંગ બાદ આગળની રણનીતિ જાહેર કરવાનું તેમણે કહ્યું હતું.

### જીજીસીએલની સ્પષ્ટતા

## ગેસની ખરીદી અને સર્વિસ ખર્ચમાં વધારાને પહોંચી વળવા CNGનાં ભાવમાં વધારો અનિવાર્ય

સુરત, શનિવાર: સીએનજીના ભાવ વધારા અંગે સ્થિતિ સ્પષ્ટ કરતાં ગેસ કંપની દ્વારા જણાવાયું છે કે, જીજીસીએલ હંમેશા સીએનજીનાં ભાવોમાં વ્યાજબી સ્થિરતા જળવાઈ રહે તથા કરકસરયુક્ત, સ્પર્ધાત્મક અને પર્યાવરણલક્ષી બળતણના વપરાશને પ્રોત્સાહન મળે તે માટે હંમેશા પ્રયત્નશીલ છે. આમ છતાં પડતર ખર્ચમાં તથા કામગીરીના અન્ય ખર્ચાઓમાં વધારો થવાને કારણે સીએનજીના ભાવ વધારવા પડ્યા છે.

ગેસની ખરીદીનાં ખર્ચામાં વધારો, સર્વિસનાં ખર્ચમાં વધારો (ઓએન્ડ એમ, સલામત રીટેઈલ કામગીરી, ફુગાવો વગેરે). જીજીસીએલ આ કારણોથી સીએનજીનાં ભાવમાં તા.૫મી સપ્ટેમ્બર ૨૦૧૦થી ૮ ટકાનો વધારો કરી રહી છે. સુધારેલી કિંમતે ગ્રાહકને સીએનજી કી.ગ્રા. દીઠ રૂ.૩૨.૪૫માં પડશે. હાલની કિંમત કી.ગ્રા. દીઠ રૂ.૨૯.૯૬ છે.

જીજીસીએલ દક્ષિણ ગુજરાતમાં સીએનજી માટે માળખાગત સુવિધાઓ સ્થાપવાના ઉદ્દેશથી વધુ રોકાણો કરવા કટિબદ્ધ છે.

### ટ્રેનની અડફેટે આવી જતા અજાણ્યા પુરુષનું નવી સીવીલ હોસ્પીટલમાં મૃત્યુ

સુરત શનિવાર: સૂરત રેલ્વે પોલિસ સ્ટેશનના જણાવાયા અનુસાર તા. ૧૮/૮/૧૦ના રોજ ઉધના અને સૂરત રેલ્વે સ્ટેશન વચ્ચે કોઇ ટ્રેનની અડફેટે આવી જતા આશરે ૪૧ વર્ષના અજાણ્યા હિન્દુ પુરુષનું નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે. તે મધ્યમ બાધાનો, રંગે ઘઉં વર્ણનો, ઉંચાઇ ૫.૫ છે. તેણે ઓછા સફેદ કલરનું આખી બાયનું શર્ટ તથા કમરે કાળા કલરનું પેન્ટ પહેર્યું છે. બ્લ્યુ કલરનો જાંગીયો પહેર્યો છે. વાલી વારસોએ સંપર્ક સાધવા જણાવાયું છે.

# દ.ગુ.ના સેંકડો શિક્ષિત બેરોજગારોને ભેટી ગયેલા બ્લોસમ ટ્રસ્ટનો ભાગેડુ કીરીટ શાહ બે વર્ષે પકડાયો

(ગુજરાતમિત્રના પ્રતિનિધિ દ્વારા)

**નવસારી, શનિવાર: સમગ્ર દક્ષિણ ગુજરાતમાં કોમ્પ્યુટર શિક્ષક બનાવવાની લાલચ આપી ૭૦૦ થી વધુ શિક્ષિત બેરોજગારો પાસેથી વ્યકિત દીઠ બાવન હજાર જેટલી માતબર રકમ ઉઘરાવી છેતરપીંડી કરનાર વડોદરાના બ્લોસમ ચેરીટેબલ ટ્રસ્ટનાં ભાગેડુ સંચાલક જીગર કીરીટ શાહને બે વર્ષ બાદ સુરત સીઆઇડી ક્રાઇમે ગત રોજ ઝડપી પાડી આજરોજ અસારી ગ્રામ્ય પોલીસને કબ્જો સોંપ્યો છે.**

## જિ.પ.ની શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષકની નોકરી આપવાની લાલચ આપી લગભગ ૭૦૦ બેરોજગારો પાસેથી પ્રત્યેક વ્યકિત દીઠ બાવન હજાર ખંખેરી લીધા હતા

નવસારી જિલ્લા સહીત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં બ્લોસમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જીલ્લા પંચાયતની શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષક તરીકે નોકરી તથા કોમ્પ્યુટર અપાવવાની લાલચ આપી વર્ષ ૨૦૦૮ માં જીલ્લાનાં ૩૫૦ થી વધુ શિક્ષિત બેરોજગાર પાસેથી વ્યકિત દીઠ રૂપિયા બાવન હજાર લઇ ઠેર ઠેર ઓફિસો ખુલ્લેઆમ છેતરપીંડી કરતાં હતા. આ બાબતે નવસારી જીલ્લા પંચાયતની સામાન્ય સભામાં આ બાબતે ચર્ચા થતા ભારે ઉહાપોહ કરી શાસક પક્ષ દ્વારા બ્લોસમ ચેરીટેબલ ટ્રસ્ટનો કોન્ટ્રાકટ રદ કરી દેતાં સંચાલકો ભેરવાયા હતાં. જેમાં આ સંચાલકો દ્વારા શિક્ષિત બેરોજગારોને નાણાં પરત કરવા ચેકો આપી વિશ્વાસ સંપાદન કર્યો હતો. પણ આ ચેકો રીટર્ન થતાં શિક્ષિત બેરોજગારોએ ટ્રસ્ટનાં મુખ્ય સંચાલક હરીશ ત્રિવેદી સહીત વડોદરાનાં સંચાલકો સામે ગ્રામ્ય પોલીસ મથકે છેતરપીંડીનો તથા નાણાં ઉચાપતની ફરિયાદ નોંધી હતી. જેતે વખતે પોલીસએ સંચાલક અને સૂત્રધાર હરીશ ત્રિવેદીની ધરપકડ કરી રીમાન્ડ મેળવીને હાથ ધરેલી પૂછપરછમાં ૩૫૦ થી વધુ નવસારી જીલ્લાનાં ઉપરાંત વલસાડ, તાપી, સુરત, ભરૂચનાં શિક્ષિત બેરોજગારોને પણ છેતર્યા હોવાની કબુલાત કરી હતી. તે વેળા આ ટ્રસ્ટનો સંચાલક જીગર કીરીટ શાહ (ઉ.વ.૩૫) (રહે. અમી એપાર્ટમેન્ટ, ખંડેરાવ માર્કેટ, રાજમહાલ રોડ, વડોદરા) ભાગી છૂટયો હતો જે આજ દિન સુધી ભાગતો ફરતો હતો પરંતુ ગત રોજ સુરતની સીઆઇડી ક્રાઇમ બ્રાંચે તેને વડોદરા તેનાં ઘરેથી ઝડપી પાડયો હતો. આજ રોજ મોડી સાંજે ટ્રાન્સફર વોરંટથી નવસારી ગ્રામ્ય પોલીસે તેને હિરાસતમાં લીધો હતો. વધુ તપાસ ગ્રામ્ય પોલીસ કરી રહ્યા છે.

# રાજ્યના ૪૫ નાયબ પોલીસ અધિકારીઓની બદલી: સુરત શહેર- જિલ્લામાં ચાર બદલાયા

સુરત, શનિવાર: રાજ્યના ગૃહવિભાગ દ્વારા આજરોજ ૪૫ ડીવાયએસપીઓની બદલીના ઓર્ડરો કરવામાં આવ્યા છે જેમાં સુરત શહેરના ૩ અને જિલ્લાના એકનો સમાવેશ થાય છે.

ગૃહવિભાગએ આજરોજ કરેલા બદલીના ઓર્ડરોમાં સુરત શહેર પોલીસના એસીપી (ડીવાયએસપી) બી ડિવિઝન એમ.વી. મહેતાની અમદાવાદ શહેરમાં નિમણુંક થતા તેમના સ્થાને પાટણના એમ.એફ. જાદવને, સ્પેશીયલ બ્રાંચના બી.એમ. ચૌહાણની પાલીતાણા (ભાવનગર) બદલી તથા તેમના સ્થાને અમદાવાદ- એસઆરપી ગૃપ-૨ના એડજયુટન્ટના એમ.જી. ડામોરને, ટ્રાફિક વિભાગના એન.સી. પટેલની અમદાવાદ બદલી થતા તેમના સ્થાને રાજકોટ એસઆરપી ગૃપ-૮ના એડજયુટન્ટ એચ.એન. ચૌધરીને તથા સી ડિવિઝનમાં અમદાવાદના સી.જે. કોરીયાને નિમણુંક આપવામાં આવી છે.

| સુરત શહેરમાં નિમણુંક પામનાર એસીપી | ડિવિઝન |
|---|---|
| એમ.જી. ડામોર | સ્પેશીયલ બ્રાંચ |
| સી.જે. કોરીયા | સી. ડિવિઝન |
| એમ.એફ. જાધવ | બી. ડિવિઝન |
| એચ.એન. ચૌધરી | ટ્રાફિક વિભાગ |

જયારે સુરત જિલ્લા પોલીસના સુરત ગ્રામ્યના ડીવાયએસપી વી.એસ. રબારીની પોરબંદર બદલી થતા તેમના સ્થાને અમદાવાદના વી.કે. આમલીયારને તથા તાપી જિલ્લાના ડીવાયએસપી કે.એમ. પોલરાની વડોદરા પોલીસ તાલીમ શાળામાં બદલી થતા તેમના સ્થાને વડોદરાના કે.એન. ડામોરની નિમણુંક કરવામાં આવી છે.

જયારે વેસ્ટર્ન રેલ્વેના જી.ડી. ત્રિવેદીની વલસાડ ખાતે બદલી કરવામાં આવી છે. તથા રાજકોટના એસ આર પી ગૃપ-૧૩ના એ.એમ. મન્સુરીની સુરત ગ્રામ્ય એસ.સીએસટી સેલમાં નિમણુંક થઇ છે.

# પોલીસનાં સ્વાંગમાં ગઠિયાઓએ વધુ એક મહિલાને શિકાર બનાવી દાગીના લૂંટી લીધા

**સુરત, શનિવાર: રાંદેર રોડ- તાડવાડી ખાતેના મેરૂલક્ષ્મી મંદિરે દર્શન કરીને પરત આવી રહેલ વૃધ્ધાને રસ્તામાં પોલીસના સ્વાંગમાં ભેટી ગયેલા બે ગઠિયા આગળ મહિલાને ચાકુ મારીને લૂંટી લીધેલ છે કહી પહેરેલ દાગીના ઉતારીને પડીકામાં મુકાવવાના બ્હાને સોનાની ચેઇન તથા વીંટી કિંમત રૂ. ૧૫,૦૦૦ની મત્તા તફડાવીને રફુચક્કર થઇ ગયા હતા.**

## રાંદેર રોડના જાગૃતિ ફલેટસમાં રહેતાં ૬૫ વર્ષનાં ચીનુબેન મેરૂલક્ષ્મીના દર્શન કરીને આવી રહ્યાં હતા અને ગઠિયા ભટકાયા

રાંદેર રોડ તાડવાડી- મેરૂલક્ષ્મી મંદિર રોડ પરની શિવમનગર સોસાયટીમાં આવેલા જાગૃતિ ફલેટ્સમાં ઘર નંબર ૧૧/૬માં રહેતા રત્નકલાકાર અતુલ ભોગીલાલ રાવલની વૃધ્ધ માતા ચીનુબેન (ઉ.વ.૬૫) ગતરોજ સાંજના સવા સાત વાગ્યાના અરસામાં ઘર નજીકના મેરૂલક્ષ્મી મંદિરે દર્શન કરવા ગયા હતા. જયાંથી તેઓ પરત આવી રહ્યા હતા ત્યારે મંદિર નજીકના લક્ષ્મીદર્શન એર્પાટમેન્ટના ગેટ પાસે ચીનુબેનને બે ગઠિયા ભેટી ગયા હતા. ગઠિયાઓએ વૃધ્ધ ચુનીબેનને કહ્યું હતું કે આગળ એક મહિલાને ચાકુ મારીને લૂંટ થઇ છે અમે સી.આઇ.ડી. પોલીસ છે તમે પણ તમારા દાગીના કાઢી નાંખો અને પડીકામાં મુકી દો! જલ્દીથી દાગીના કાઢો અમે તમારા દાગીના પડીકામાં બાંધી આપીએ છે ચીનુબેનએ અંદાજે સવા તોલા વજનની સોનાની ચેઇન તથા વીંટી મળી કુલ રૂ. ૧૫,૦૦૦ની મત્તા ઉતરાવીને પડીકામાં મુકી દીધી હતી. આ વેળા પોલીસનો સ્વાંગ રચનાર ગઠિયાઓ સોનાની ચેઇન તથા વીંટી વાળું પડીકું અત્યંત ચાલાકી પૂર્વક તફડાવીને રફુચક્કર થઇ ગયા હતા.

વૃધ્ધા ચીનુબેન ઘરે ગયા બાદ દાગીના ગુમ હોવાની જાણ થતા તેમણે આ અંગે રાંદેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોસઇ કે.પી. ચૌહાણે તપાસ હાથ ધરી છે.

### ગણેશોત્સવના આયોજકો માટે

સુરત,શનિવાર: શહેરમાં આગામી તા.૧૧મીથી તા.૨૨મી દરમ્યાન ઉજવવામાં આવનારા ગણેશોત્સવ માટે જે આયોજકો દ્વારા પરમીટ ફોર્મ ભરવામાં આવ્યા નહી હોય તેવા આયોજકોને તા.૧૧મી પહેલા પરમીટ ફોર્મ ભરી દેવા માટે આજે સુરત શહેર ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા એક યાદીમાં અપિલ કરવામાં આવી છે.

## સ્મિથ લાફીંગ કલબના ઉપક્રમે આજે રાત્રે હાસ્ય કવિ સંમેલન

સુરત,શનિવાર: સ્મિથ લાફીંગ કલબ દ્વારા આવતીકાલે તા.૫ના રોજ રવિવારે રાત્રે આઠ કલાકે નાનપુરા, ગાંધીસ્મૃતિ ભવનમાં વિરાટ હાસ્યકવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ હાસ્ય કવિ સંમેલનમાં ડો.કુમાર વિશ્વાસ (ગાઝીયાબાદ), વેદપ્રકાશ (નવી દિલ્હી), શનિ તુફાન (નિંબાહેડા), અશોક ભાટી (ઉજ્જૈન), અશોક સુંદરાની (સતના), દિપીકા માહી (ચિત્તોડગઢ) વિગેરે કવિ ઉપસ્થિત રહેશે. સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે રાજકુમાર સોમાણી તેમજ અધ્યક્ષ તરીકે રઘુવીર પ્રસાદ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે કલબ દ્વારા સંપાદિત અને ગણપત ભંસાલી દ્વારા સંપાદીત 'મુસ્કાન બાંટતે ચલો' પુસ્તકનું વિમાચોન પણ કરાશે. સંમેલનમાં શિક્ષક દિન નિમિત્તે વીર નર્મદ યુનિ.ના ઉપકુલપતિ બી.એ. પ્રજાપતિ તેમજ શારદાયતન સ્કુલના આચાર્યા સુષ્મા અગ્રવાલનું સન્માન પણ કરવામાં આવશે.



## સુરતમાં રહેતાં ઉત્તર ભારતીય પટેલ સમાજનું સ્નેહમિલન યોજાયું

સુરત, શનિવાર: ગરવી ગુજરાત ઉતર ભારતીય પટેલ સમાજ દ્વારા આજે સુરત રેલ્વે સ્ટેશન સ્થિત શ્રમજીવી સેવાલય ખાતે ચિંતન અને સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે માહિતી આપતા ગરવી ગુજરાત ઉતરભારતીય પટેલ સમાજના અધ્યક્ષ વિજય પટેલે જણાવ્યું હતું કે પાટીદાર સમાજની એક અનોખી ગૌરવગાથા રહેલી છે ત્યારે પરપ્રાંતથી રોજી માટે આવ્યા બાદ ઔદ્યોગિકનગરી સુરતમાં પટેલ પાટીદાર સમાજના લોકો એકત્ર થાય અને એકબીજાને સહકારરૂપ થઇ શકાય તેવા ઉમદા આસયથી આ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે હાલ તેમની સાથે ૨.૮૭ લાખ જેટલા પાટીદાર સમાજના પરપ્રાંતિય લોકો જોડાયેલા છે.

આ પ્રસંગે ખાસ મુંબઇથી રાજ્ય અધ્યક્ષ એલ.બી. પટેલ, હરિશ વર્મા પધાર્યા હતા. જયારે આ સમારંભમાં ૫૦૦ લોકોએ ભાગ લીધો હતો.

# અમરોલીના ટેમ્પો ચાલક મેહુલ બિનવાલ સહિત બેના સાયણ રોડ ઉપર અકસ્માત મોત

સુરત, શનિવાર: સાયણ રોડ ઉપર આવેલા વસવારી રેલ્વે ફાટક પાસે આજે મોડી સાંજે એક ટેમ્પો ઝાડ સાથે ભટકાતા ટેમ્પો ચાલક તથા અજાણ્યા એક વ્યકિતનું મૃત્યુ નિપજયું હતું. મોડી રાત્રે અમરોલી પોલીસે આ અંગે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

અમરોલી પોલીસ મથકેથી પ્રાપ્ત થતી માહિતી મુજબ આજે સાંજે ટેમ્પો નંબર જી.જે.૫-એએ-૯૧૮૮ના ચાલક મેહુલ બિલવાલ (ઉ.વ. ૨૮, રહે. સતારા હોસ્પિટલ નજીક, અમરોલી) ટેમ્પો લઇ સાયણ રોડ ઉપરથી પસાર થઇ રહ્યો હતો. દરમ્યાન તેણે સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા ટેમ્પો ઝાડ સાથે ભટકાયો હતો. જેથી મેહુલ અને તેની સાથે ટેમ્પોમાં પસાર થઇ રહેલા અજાણ્યા એક વ્યકિતને ગંભીર ઇજા થઇ હતી. આ બંનેને નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઇ જવામાં આવ્યા હતા, જયાં ડોકટરોએ બંનેને મૃત જાહેર કર્યા હતા.

વધુમાં આજે મોડી રાત્રે અમરોલી પોલીસે અકસ્માત અંગે ગુનો દાખલ કરવાની તથા અજાણ્યા વ્યકિતના નામઠામ જાણવાની તજવીજ હાથ ધરી છે.

# કેન્દ્ર સરકાર સામે ૭મીની કામદારોની દેશવ્યાપી હડતાળમાં લાલવાવટા જોડાશે

સુરત,શનિવાર: આગામી તા.૭મીના રોજ કેન્દ્રની યુપીએ સરકારની કામદાર વિરોધી નીતિઓના વિરોધમાં આયોજીત દેશવ્યાપી કામદારોની હડતાળમાં સુધરાઈ મઝદુર યુનિયન (લાલ વાવટા) પણ જોડાશે.

આ હડતાળને ગુજરાત ગેસ કંપની એમ્પલો. યુનિયન, દક્ષિણ ગુજરાત અધ્યાપક મંડળ, સુરત હોકર્સ યુનિયન, સુરત પાવર લુમ્સ વર્કર્સ યુનિયન, ભારતીય સફાઈ કામદાર યુનિયન, મનપા સેવક મંડળ તેમજ ટોરેન્ટ પાવર એમ્પો. યુનિયન દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો છે.

આગામી તા.૭મીના રોજ સવારે ૧૦ કલાકે ચોકબજાર, ગાંધીની પ્રતિમા પાસેથી કામદારોની રેલી નીકળશે. જે મુગલીસરા મનપા અને એલઆઈસી કમ્પાઉન્ડમાં પહોંચીને દેખાવો તેમજ સુત્રોચ્ચારો કરશે. કામદારોની વિશાળ સભા એલઆઈસીના કમ્પાઉન્ડમાં મળશે. જેને સુરત ટ્રેડ યુનિયન કાઉન્સીલ તેમજ અન્ય નેતાઓ દ્વારા સંબોધન કરવામાં આવશે.

# કોલેજોમાં ચૂંટણીનો ગરમાટો: વાડીયા વિમેન્સમાં NSUIની રાધીકા ધોળકીયાની જીએસ પદે વરણી

સુરત, શનિવાર : શહેરની કોલેજોમાં જનરલ સેક્રેટરી અને સ્ટુડન્ટસ કાઉન્સિલની ચૂંટણી ધમધમાટ વચ્ચે આજે વાડિયા-વિમેન્સ કોલેજમાં એનએસયુઆઇ.એ રાધીકા ધોળકીયાને જી.એસ. પદે વિજેતા બનાવી ખાતુ ખોલાવી દીધું છે.

શહેરની કોલેજોમાં આગામી સપ્તાહથી ચૂંટણીના જાહેરનામા પ્રસિધ્ધિ થશે. ત્યારબાદ ઉમેદવારીપત્રોના વિતરણથી લઇને મતદાન અને મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે. અલબત્ત કોલેજોમાં ચૂંટણી સ્થિર જામી રહ્યો છે. તે વચ્ચે અઠવાગેટની વાડિયા-વિમેન્સ કોલેજમાં કોંગ્રેસની વિદ્યાર્થી પાંખે સપાટો બોલાવ્યો છે. એન.એસ.યુ.આઇ.ના સમર્થનથી ચૂંટણી લડેલી ટી.વાય.બી.એ.ની રાધીકા ધોળકીયા ૧૯ મત મેળવવામાં સફળ થયેલી તેની પ્રતિસ્પર્ધી અન્ય બે યુવતીઓ પૈકી ટી.વાય.બી.એ. હિસ્ટ્રીની મેના માન્યાને ૨ મત તથા નગમા નામની યુવતીને માત્ર પોતાનો એક મત મળ્યો હતો. એન.એસ.યુ.આઇ.ના પ્રદેશ અગ્રણી અનૂપ રાજપૂતે જણાવ્યું હતું કે, છેલ્લાં છ વર્ષથી આ કોલેજમાં તેમનો દબદબો છે. એન.એસ.યુ.આઇ.થી પ્રભાવિત ઉમેદવારો દર વર્ષે શહેરની કોલેજોમાં છવાઇ રહ્યા છે. પરિણામે એન.એસ.યુ.આઇ. એક મજબૂત વિદ્યાર્થી સંગઠન બનીને ઉભરી રહ્યું છે. આગામી દિવસોમાં શહેરની અન્ય કોલેજોમાં પણ એન.એસ.યુ.આઇ.એ ઝળહળતો દેખાવ કરવાની આશાવાદ વ્યકત કર્યો છે.

### મોટરસાયકલ પાળી સાથે અથડાતા નહેરમાં પડી જવાથી

# પુણાનાં યુવાનનાં મોત માટે હાઈ-વેનાં ઈજનેર સહિત ત્રણ અધિકારીઓ સામે વળતરનો દાવો

**સુરત, શનિવાર: કામરેજના નવી પારડી પાસે અકસ્માતમાં મોતને ભેટેલા પુણાગામના યુવાનના પરિવારજનોએ સ્ટેટ હાઈવેના ડિવિઝન એન્જીનિયર સહિતના ત્રણ અધિકારીઓ સામે કોર્ટમાં નુકશાન વળતરનો દાવો માંડ્યો છે.**

## રસ્તાનું કામ ચાલતુ હોવા છતાં ડીવાઈડર, ડાઈવર્ઝન કે સુચના દર્શાવતુ બોર્ડ મુકવામાં આવ્યું નહોતુ

જવાબદાર તંત્ર દ્વારા રોડ ખરાબ હોવા છતાં કોઇ ડિવાઇડર કે ડાયવર્ઝનનું બોર્ડ મારવામાં ન આવ્યું હોવાની રજૂઆત સાથે રૂ.૨૫ લાખના વળતરની માંગણી કરવામાં આવી છે.

આ કેસની વિગત એવી છે કે, પુણા સીમાડા સ્થિત યોગી કૃપા સોસાયટીમાં રહેતાં કરશન મોહન કપૂરિયાનો પુત્ર રજનીકાંત ગત તા.૧૪-૨-૧૦ના રોજ તેના મિત્ર વસંત પટેલ સાથે મોટર સાયકલ પર કામરેજના નવી પારડી ગામે જવા નિકળ્યો હતો. દરમિયાન રસ્તામાં વેલંજા ગામની હદમાં મોટી નહેર પાસે રોડનું કામ કાજ ચાલી રહ્યું હતું, અને કાચો રસ્તો હતો. અહીં અકસ્માતે તેમની મોટર સાયકલ પાળી સાથે ભટકાઇ હતી અને બંને નહેરમાં ખાબક્યા હતાં. જેમાં રજનીકાંતનું મોત નિપજયું હતું. રજનીકાંતનું મોત સરકારી તંત્રની જવાબદારીને કારણે થયું હોવાના આક્ષેપ સાથે પિતા કરશનભાઇ સહિત પરિવારજનોએ અત્રેની કોર્ટમાં દાવો કરી રૂ.૨૫ લાખના નુકશાન વળતરની માંગણી કરી હતી. પરિવારજનોના કહેવા મુજબ રસ્તા ઉપર કોઇ ડિવાઇડર ન હતું. સાથે કોઇ સાઇન બોર્ડ કે ડાયવર્ઝનનું બોર્ડ પણ લગાવવામાં આવ્યું ન હતું. એટલુ જ નહિ પોલીસે પણ વિવેક બુદ્ધિ વાપર્યા વગર ગુનો દાખલ કર્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો.

### ભાજપની પાંખમાં ભરાયેલા હીરા ઉદ્યોગના માંધાતાઓએ

# ડાયરેકટ ટેક્ષકોડમાં હીરા ઉદ્યોગને રાહત મળતા તુષાર ચૌધરીનું સન્માન કરાયું

સુરત, શનિવાર: ડાયરેકટ ટેકસ કોડ (ડીટીસી)માંથી સ્ટોક ઇન ટ્રેડની જોગવાઇ દુર કરવા માટે રજુઆત કરનારા કેન્દ્રીય આદીજાતિ રાજ્યમંત્રી તુષાર ચૌધરીનું સુરત ડાયમંડ એસોસીએશન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

સુરત ડાયમંડ એસોસીએશનના પ્રમુખ દિનેશ નાવડીયા અને તમામ ભૂ.પુ. પ્રમુખો જીવરાજ ધારૂકાવાળા, મુળજી ધામેલીયા, દેવશી ભડીયાદરા, પ્રવિણ નાણાવટી, રોહિત મહેતા સહિતના અગ્રણીઓએ સુરત સરકીટ હાઉસ ખાતે કેન્દ્રીય આદીજાતિ રાજ્યમંત્રી તુષાર ચૌધરીનું સન્માન કર્યુ હતું. અને હીરા ઉદ્યોગને કનડતા પ્રશ્નો બાબતે રજુઆત કરવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

કેન્દ્રીય મંત્રી તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે હું સુરતનું પણ પ્રતિનિધિત્વ કરૂ છું. એટલે હીરા ઉદ્યોગ હોય કે ટેક્ષટાઇલ ઉદ્યોગ કેન્દ્રમાં તમામ સ્તરે શહેરના ઉદ્યોગ માટે રજુઆત કરવા તેઓ તત્પર રહેશે.

ઉલ્લેખનીય છે કે ડીટીસીની કલમ ૧૩૯ (૨) (એફ)માં સર્ચ-સર્વે દરમ્યાન તમામ સ્ટોક સીઝ કરવાની જે તે તપાસ અધિકારીને સતા આપવામાં આવી હતી. જેનો હીરા ઉદ્યોગ દ્વારા વિરોધ કરવામાં આવતા નાણા વિભાગ દ્વારા સ્ટોક ઇન ટ્રેડ જપ્ત કરવાની જોગવાઇ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### એમ. ફીલ. થયા



સુરત, શનિવાર: વ્યારા તાલુકાના વતની બીના નારણભાઇ ઢોડિયાએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી તુલનાત્મક સાહિત્ય વિષયમાં એમ.ફીલ. ની પદવી પ્રાપ્ત કરી છે. પ્રસ્તુત લઘુશોધ નિબંધ 'તણખા મંડળ-૧', 'ધૂમકેતુ' (ગુજરાતી) અને 'ટાગોરની શ્રેષ્ઠવાર્તાઓ' (બંગાળી) એક તુલનાત્મક અભ્યાસ તુલનાત્મક સાહિત્ય વિભાગના અધ્યક્ષ ડો. દમયંતીબેન પરમારના માર્ગદર્શન હેઠળ રજૂ કર્યો હતો.